Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

માટીની ભીનાશ
જેમ,
વૃક્ષને પકડી રાખે છે,
તેમ
શબ્દોની મીઠાશ
મનુષ્યના
સંબંધોને
સાચવી રાખે છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

(ગુજરાતી માસિક)

PARIVAR PATRIKA (Gujarati Monthly)

Year - 23 ● Issue No. - 275 ● 1st August 2026 Price Rs. 2/- ● Pages-08

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ


### પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

### કાયમી સહાયક દાતા

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

### પરિવાર પત્રિકા સંપાદન સમિતિ

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

મેનેજીંગ ટ્રસ્ટી

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

### પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.........................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ......................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)


## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો

જય જિનેન્દ્ર અમદાવાદ જ્ઞાતિ મંડળ સંચાલિત શૈક્ષણિક પ્રોત્સાહન યોજના કાર્યરત છે જેના કાયમી સૌજન્ય દાતા શ્રીમતી રાઇબેન નાથાલાલ ગાંધી (હસ્તે શેઠ શ્રી લાલચંદભાઈ નાથાલાલ ગાંધી મોઢેરા હાલ : મુંબઈ) છે. આ યોજના અંતર્ગત દર વર્ષે ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થિનીઓને શાળા ફી તથા ગણવેશ માટે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ યોજનાનો લાભ લેવા માટે અમદાવાદના જ્ઞાતિના ૧૫ વિદ્યાર્થીઓની આવેલી તમામ અરજીઓ શૈક્ષણિક સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવી અને તે પેટે કુલ રૂા. ૧,૨૧,૨૦૦/– ની રકમ ચૂકવેલ છે આ ઉપરાંત તમામ વિદ્યાર્થીઓને શાળાના ગણવેશ માટે કુલ રૂા. ૧૫૦૦૦/– ની રકમ ચૂકવેલ છે.

### પરિવાર પત્રિકાના જુલાઈ ૨૬ ના અંકમાં પ્રકાશિત થયા મુજબ

**બેસણું / પ્રાર્થના સભા માટે શ્રી મહેસાણા પ્રાંત જ્ઞાતિ જૈન દશા શ્રીમાળી સમગ્ર ૪૭ સમાજના જ્ઞાતિબંધુઓને વિનામુલ્યે હોલની સુવિધા**

સમાજના જ્ઞાતિબંધુઓ ને વિવિધ રીતે ઉપયોગી થવા અમદાવાદ જ્ઞાતિ મંડળ સંકલ્પબદ્ધ છે દરેક પ્રસંગે જ્ઞાતિબંધુ ની પડખે ઉભા રહીને હૂંફ આપવા માટે મંડળ હંમેશા તત્પર હોય છે.

આ સંદર્ભમાં આપ સર્વેને જણાવતા આનંદ થાય છે કે અમદાવાદ કે અન્ય કોઈપણ શહેર/ ગામમાં વસતાં આપણા ૪૭ સમાજના કોઈપણ જ્ઞાતિબંધુના પરિવારમાં સ્વજનના અવસાન પ્રસંગે, બેસણા માટે કે પ્રાર્થનાસભા માટે અમદાવાદ જ્ઞાતિના હોલ ની આવશ્યકતા હોય ત્યારે આપણી સંસ્થાનો હોલ વિનામૂલ્ય આપવામાં આવશે. આ સુવિધા દરેક જ્ઞાતિબંધુના અવસાન પૂરતી જ મર્યાદિત છે.

વિશેષ માહિતી માટે કાર્યાલયનો રૂબરૂ અથવા
હેલ્પલાઇન નંબર ૭૦૪૬૬૦૨૩૭૫ ઉપર સંપર્ક કરવો

મેડિકલ સહાય યોજના અંતર્ગત અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા મેડિકલ સહાય યોજના અંતર્ગત અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા જ્ઞાતિના હોલમાં દર મહિને ઓલ્ટરનેટ ગુરુવારે ડોક્ટર શ્વેતાબેન આર. શાહ દ્વારા હોમિયોપેથિક માર્ગદર્શન તથા દવા નિ:શુલ્ક આપવામાં આવે છે "આ બાબતનો What'sapp મેસેજ મંડળના ગ્રુપમાં મોકલવામાં આવે છે" તો સર્વે જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી. સમ્યક્ જ્ઞાનપ્રસારનિધિ અંતર્ગત જ્ઞાતિના હોલમાં પાઠશાળા કાર્યરત છે અમદાવાદના સૌ જ્ઞાતિજનોને આ પાઠશાળામાં લાભ લેવા વિનંતી .

શ્રી ભાવેશભાઈ એમ. શાહ – મંત્રી ✽ શ્રી રમેશભાઈ સી. શાહ – સહમંત્રી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**સદ્‌ગતની સ્મૃતિમાં**

કેતન　　કેયુર　　કેતકી
અલ્કા　　શ્વેતા　　અક્ષય

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## શ્રીમતી સીતાબેન સોમચંદ નગીનદાસ શાહ (ભાલક) પરિવાર (હસ્તેઃ ધીરજલાલ સોમચંદ શાહ પરિવાર) ના સૌજન્યથી શરૂ થયેલ શુભ લગ્ન યોજના અંતર્ગત

તા.૧૯.૦૭.૨૬



રવિવાર

શ્રી ગિરીશભાઈ પોપટલાલ શાહ (ભાલક) ની સુપુત્રી **ચિ. ક્રિના** ના શુભ લગ્ન
શ્રીમતી નુતનબેન મુકેશભાઈ બિહારીલાલ ચોક્સી (અમદાવાદ) ના સુપુત્ર **ચી. પ્રિયાંકકુમાર**
સાથે **તા.૧૯.૦૭.૨૬** ને **રવિવારે** અમદાવાદ જ્ઞાતિ મંડળ ની શુભલગ્ન યોજના અંતર્ગત
જ્ઞાતિ મંડળ હોલમાં યોજવામાં આવેલ
અમદાવાદ જ્ઞાતિ મંડળ આ નવદંપતીને આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવે છે.

કન્વીનર : શ્રી ભાઈલાલભાઈ એન ગાંધી (સમોડા) મો.: ૯૯૨૫૭ ૨૨૩૨૪
સહ કન્વીનર : શ્રી મિહિરભાઈ એચ. શાહ મો.: ૯૮૯૮૨ ૫૮૫૧૫

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના ઉપક્રમે સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ આયોજીત

### ચાલો, નૈવેદ્ય બનાવતાં શીખવા જઈએ .....

પર્યુષણ મહા પર્વ આવી રહ્યાં છે તે પહેલાં દેરાસરમાં દરરોજ લઈ જઈ શકાય તેવા જયણાપુર્વકના નૈવેદ્ય શીખવા માટે જ્ઞાતિ મંડળના હોલ, વાસણા ખાતે આયોજન કરવામાં આવેલ છે.

**તા. ૧૨ મી ઓગષ્ટ-૨૦૨૬ ને બુધવારના રોજ બપોરના ૨.૦૦ થી ૪.૦૦**

સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ દ્વારા અવારનવાર નવતર ધાર્મિક શિક્ષણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તે જ રીતે આ નવતર અને શીખવા લાયક કાર્યક્રમમાં સર્વે જ્ઞાતિજનોને હાજર રહી લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

કાર્યક્રમ બાદ નમુનારૂપ નૈવેદ્યની ધાર્મિક પ્રભાવના આપવામાં આવશે.

અંજનાબેન ગાંધી - કન્વીનર
નિતિનભાઈ રીખવચંદ શાહ - સહકન્વીનર





મંજુલાબેન ચીનુભાઈ શાહ, ભાલક
(ભાલક-હાલઃઅમદાવાદ)
જન્મ તા.૧૫-૦૯-૧૯૩૯ ❖ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

હસવામાં, ક્ષમા કરવામાં, પ્રશંસા કરવામાં,
સહાયતા કરવામાં અને
પોતાની ભૂલ સ્વીકારવામાં,
શક્ય હોય તો સદા પ્રથમ સ્થાને રહેવું.

**રાજેશકુમાર ચીનુભાઈ શાહ**
**હેમાબેન રાજેશકુમાર શાહ**
અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર
રીવા • કહાન • ક્રીયાન

# જે સમાજમાં નારીનુ સન્માન જળવાય છે ત્યાં દેવો વાસ કરે છે

સંપાદકીય લેખ

यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता ।

પ્રાચીન ભારતવર્ષમાં અને વર્તમાનમાં અનેક સ્ત્રી પાત્રોએ રાષ્ટ્ર નિર્માણમાં સમાજ અને પરિવારના ઘડતરમાં નોંધપાત્ર ફાળો આપેલો છે, **'મનુસ્મૃતિ'** ગ્રંથ મુજબ જે પોતાના કુટુંબનું, સમાજ અને દેશનું કલ્યાણ ઇચ્છતા હોય તેઓએ સ્ત્રીનું સન્માન કરવું. મહિલા એ પરિવારનું કેન્દ્રબિંદુ છે શિક્ષણ, ખેલકૂદ , ધર્મ, વિજ્ઞાન, આરોગ્ય, અવકાશ યાત્રા, સમાજસેવા આવા સર્વ ક્ષેત્રોમાં મહિલાઓ અગ્રેસર રહીને, પોતાના કૌશલ્ય, મહેનત અને બુદ્ધિ પ્રતિભાથી સર્વોચ્ચ શિખરે પહોંચી છે અને તેમણે દરેક ક્ષેત્રમાં તેમની નેતૃત્વની ક્ષમતા પણ પુરવાર કરેલી છે

સમાજ અને દેશના સર્વાંગી વિકાસમાં મહિલાઓની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. નારીશક્તિ સમગ્ર સંસારની રચયિતા, પાલક, સંરક્ષક અને સંવાહક છે તેનામાં સંજોગો અને વ્યવહારને સમજવાની ઓળખવાની અને નિર્ણય લેવાની કુદરતી સૂઝ છે. પડકારો માંથી માર્ગ કાઢવાની સ્ત્રીની ક્ષમતા મહિલામાં જન્મજાત હોય છે.



ઉપરોક્ત સંદર્ભમાં ગૃહિણીમાં રસોઈ ઘરની અને ગૃહ સંચાલનની તેમજ મેનેજમેન્ટની કેટલી બધી આવડત, કુશળતા છે તેનું લખાણ નીચે પ્રકાશિત કરેલ છે.

સ્ત્રીઓની બુદ્ધિમત્તા કેટલી હોય છે એવો કોઈ અભ્યાસ ક્યારેય થયો છે? ભારતના ઘરે-ઘરે જે સવાર-બપોર-સાંજ, સોમવારથી રવિવાર, રોજ-રોજ અને વર્ષાનુવર્ષ રસોઈ કરવામાં આવે છે, તે કરનારી સ્ત્રીઓની બુદ્ધિમત્તા માપવાનું કોઈ જ યંત્ર કુદરતે બનાવ્યું નથી. રોટલી, શાક, દાળ, ભાત, કચુંબર, ચટણી અને વિવિધ મીઠાઈ-પકવાન બનાવનારી સ્ત્રીઓની બુદ્ધિ એટલી વિશાળ, એટલી ઊંડી અને એટલી સૂક્ષ્મ હોય છે કે તેને માપવાની ક્ષમતા જ માણસમાં નથી.

સાચું કહું તો, રસોડું એટલે ફક્ત વાસણો જ નહીં, એ તો એક ચાલતી-બોલતી પ્રયોગશાળા છે. વઘારમાં તેલ કેટલું રાખવું, રાઈ ક્યારે તતડવી જોઈએ અને હળદર કેટલી નાખવી એ ગણિતની જ એક અદભૂત કળા છે. કઈ વાનગીમાં ગેસ કેટલો રાખવો, કયા સાધનનો ઉપયોગ કરવો, ક્યાં કઢાઈ અને ક્યાં તપેલું વાપરવું એ ભૌતિક વિજ્ઞાન એટલે કે ફિઝિક્સ અને તાપમાનની રમત છે. વાનગી બરાબર રંધાઈ ગઈ છે એ ઓળખવાની સમજ એ નિરીક્ષણ શક્તિનું સર્વોચ્ચ સ્તર છે.

એકસાથે ચાર વાનગીઓ સમયસર તૈયાર કરવી એ મેનેજમેન્ટની મોટી ડિગ્રી સમાન છે. દૂધ ઉકળતું હોય, કુકરની સીટી વાગતી હોય અને તેલનું તાપમાન જાળવવું, આ બધું એકસાથે સંભાળવું એ મલ્ટીટાસ્કીંગની પરાકાષ્ઠા છે.

મીઠું, મરચું કે ખાંડ ફક્ત હાથની ચપટી થી માપી લેવું એ જાણે શરીરમાં જ જડેલું એ આઈ (AI) છે ઋતુ પ્રમાણે વાનગી કેટલા દિવસ ટકશે તેનો અંદાજ લગાવવો એ પણ એક અલગ પ્રકારનું વિજ્ઞાન જ છે

રસોઈ એ ફક્ત કૌશલ્ય નથી પણ પ્રેમ જવાબદારી અને સમર્પણ નો પરિપૂર્ણ સંગમ છે શિક્ષણ કે ડિગ્રી ન હોય અથવા અંગ્રેજી ન આવડતું હોય તો પણ રસોડું ચલાવનારી સ્ત્રી દુનિયાના કોઈપણ મેનેજર કરતા સહેજ પણ ઉતરતી નથી

એક દિવસ તટસ્થપણે ઘરની સ્ત્રી તરફ જુઓ ત્યારે ખ્યાલ આવશે કે આ કળા રોજનું કૌશલ્ય, રોજ નો ત્યાગ અને રોજનો ચમત્કાર છે દિવસમાં ત્રણ વાર તાજુ અને સ્વાદિષ્ટ ભોજન મળવું તે ફક્ત જમવાનુ નથી પણ ઘરના ભગવાનનો પ્રસાદ છે

જમતા પહેલા એકવાર કુદરતે આપેલી આ રસોડાની દેવીનો મનથી આભાર માનો કારણકે આ બુદ્ધિમતા સહનશીલતા અને પ્રેમની તાકાત કોઈપણ પાઠ્યપુસ્તકમાં શીખવી શકાતી નથી.

**બકુભાઈ સી. ગાંધી(સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા) - સહસંપાદક**

HIMOX™

Precision. Performance. Durability.

Premium Furniture Hardware Solutions

સંપર્ક કરો:
ઉમેશ શાહ
9099443434

NEW CONSTRUCTION | BUSINESS SPACES | EVERY SPACE

જો તમે નવું ઘર બાંધતા હો,
તમારો ધંધો હોય,
તમે આર્કિટેક્ટ કે
ઈન્ટિરિયર ડિઝાઈનર છો ?

તો આપના માટે
હાર્ડવેર એક્સેસરીઝનું
One-Stop Solution

OUR PRODUCT RANGE

TELESCOPIC DRAWER CHANNELS (MS / SS) | DOOR HINGES (SS 3D AUTO) | TANDEM BOX | GAS STRUT | QUADRO CHANNELS | DOOR STOPPER

E-210, Titanium City Centre,
Nr. Sachin Tower, Satellite,
Ahmedabad - 380015, Gujarat, India

PREMIUM QUALITY | DURABLE & RELIABLE | WIDE RANGE | BEST SERVICE




## શુભ લગ્ન ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

### તા.૧૯.૦૭.૨૬ રવિવાર ના શુભલગ્ન પ્રસંગે

**રૂ.૭૧૦૦/-** શ્રી ગિરીશભાઈ પોપટલાલ શાહ તરફથી **ચી.ક્રિના** ના લગ્ન નિમિત્તે તથા **રૂ.૫૧૦૦/-** શ્રી મુકેશભાઈ બિહારીલાલ ચોક્સી તરફથી **ચી.પ્રિયાંક** ના લગ્ન નિમિત્તે શુભલગ્ન ખાતે મળેલ છે જેની અમદાવાદ જ્ઞાતિ મંડળ ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

## ધાર્મિક સમાચાર

### શ્રી મણુંદ જૈન સંઘ પૂના

શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ને નમઃ — શ્રી ખમલાઇ માતાને નમઃ

❈ જણાવતા આનંદ થાય છે કે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ભગવાન મણુંદ ની વર્ષગાંઠ જેઠ સુદ-૬ ની ઉજવણી પૂના ખાતે છેલ્લા ૫૦ વર્ષથી કરવામાં આવે છે તે આ વર્ષે તા.૫/૭/૨૦૨૬ જેઠ વદ પાંચમ રવિવાર ના શ્રી આદેશ્વર જૈન દેરાસર આદિનાથ સોસાયટીમાં શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મહીલા મંડળ દ્વારા શ્રી પંચકલ્યાણક પૂજા ખુબજ હર્ષોલ્લાસ પૂર્વક ભણાવીને કરવામાં આવી હતી. પૂનામાં વસતા મણુંદ નિવાસી લગભગ ૧૦૦ લોકોએ તેમાં ભાગ લીધો હતો. પૂજા બાદ શ્રી મણુંદ જૈન સંઘ પૂના દ્વારા સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. નવા સંઘ માં સામેલ થયેલ યુવકોએ બધું કાર્ય સફળતા પૂર્વક પાર પાડ્યું હતું.

### પ્રાચીન તીર્થયાત્રા

**તીર્થો બોલાવે છે... પ્રાચીન તીર્થો બોલાવે છે... ?? શ્રદ્ધા, સેવા, સંસ્કાર અને સંગઠનની યાદગાર સફર**

❈ શ્રી જૈન દશા શ્રીમાળી ૪૭ જ્ઞાતિ પરિવાર, મહેસાણા દ્વારા ધર્મપ્રભાવના, તીર્થભક્તિ અને સમાજમાં એકતાની ભાવનાને પ્રબળ બનાવવા માટે આયોજિત "પ્રાચીન તીર્થયાત્રા સંકલ્પ" અંતર્ગત બીજા તબક્કામાં તા. ૧૨-૦૭-૨૦૨૬, રવિવાર ના રોજ પાનસર, શેરીસા, વામજ, ઉઘરોજ અને રાંતેજ વપવિત્ર તીર્થોની યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. સમાજના ૯૦ યાત્રિકો માટે બે એ.સી. લક્ઝરી બસો દ્વારા સુવ્યવસ્થિત પ્રવાસની વ્યવસ્થા કરવામાં આવી હતી. યાત્રા દરમિયાન નવકારશી, બપોરનું ભોજન, ચોવિહાર, દરેક તીર્થમાં સેવા-પૂજા, પાનસર ખાતે સ્નાત્ર પૂજા તથા રાંતેજ ખાતે ભાવનાના કાર્યક્રમ દ્વારા સૌએ આધ્યાત્મિક શાંતિ અને ભક્તિનો દિવ્ય અનુભવ કર્યો. આ સમગ્ર યાત્રાનું સફળ આયોજન પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ શાહ (બોરીયાવીવાળા) મંત્રી શ્રી આશિષભાઈ (બોદલા) તથા કારોબારી સભ્યો ના અથાક પરિશ્રમ અને નિ:સ્વાર્થ સેવાભાવથી સંપન્ન થયું. યાત્રાને વધુ યાદગાર બનાવવા માટે વિદ્યાર્થીઓને શૈક્ષણિક ગિફ્ટ, દરેક સભ્ય પરિવારને સ્મૃતિરૂપે ડબલ બેડ બ્લેક્કેટ તથા વર્ષીતપના તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું. યાત્રિકોના શિસ્તબદ્ધ સહકાર અને કારોબારી ટીમની સેવાભાવનાથી આ યાત્રા શ્રદ્ધા, સેવા, સંસ્કાર અને સંગઠનનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી.

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

# દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...



**ઉમેશ વિક્રમભાઈ શાહ**
ગામ : બોકરવાડા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૦૯૯૪૪૩૪૩૪
જન્મ તારીખ : ૧ ઓગષ્ટ



**રાજ મયુરભાઈ ગાંધી**
ગામ : રણુંજ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૮૨૩૮૦૩૩૨૭૫
જન્મ તારીખ : ૦૧ ઓગષ્ટ



**અશોકકુમાર ચંદુલાલ શાહ**
ગામ : વિસનગર - હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૮૦૪૮૨૧૩
જન્મ તારીખ : ૬ ઓગષ્ટ



**અમિત દિલીપકુમાર શાહ**
ગામ : ખરોડ - હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૯૮૩૯૩૨૭૨
જન્મ તારીખ : ૮ ઓગષ્ટ



**દિલીપકુમાર જેઠાલાલ શાહ**
ગામ : ખરોડ - હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૫૭૮૭૩૩
જન્મ તારીખ : ૯ ઓગષ્ટ



**વિક્રમકુમાર નવનીતલાલ ગાંધી**
ગામ : રણુંજ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૩૨૭૦૦૮૩૯૪
જન્મ તારીખ : ૧૪ ઓગષ્ટ



**હંસાબેન જીતેન્દ્રકુમાર શાહ**
ગામ : બોરીઆવી - હાલ : મહેસાણા
મોબાઈલ : +૯૧ ૯૮૯૮૩૨૫૧૧૧
જન્મ તારીખ : ૧૫ ઓગષ્ટ



**વિરિકા વ્યોમેશ શાહ**
ગામ : ઉનાવા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૯૮૯૭૨૭૧૦
જન્મ તારીખ : ૨૪ ઓગષ્ટ



**લલિતકુમાર કેશવલાલ શાહ**
ગામ : ભાલક હાલ : મહેસાણા
મોબાઈલ : +૯૧ ૯૯૨૫૦૦૬૧૩૯
જન્મ તારીખ : ૨૪ ઓગષ્ટ



**દક્ષેશ અશ્વિનકુમાર શાહ**
ગામ : ભાલક - અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૮૧૪૧૮૧૭૧૦૦
જન્મ તારીખ : ૨૪ ઓગષ્ટ



**કીયાન પ્રતિકકુમાર શાહ**
ગામ : બોરીઆવી - હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૭૭૦૨૮૯૬
જન્મ તારીખ : ૨૫ ઓગષ્ટ



**ઉપેન્દ્રકુમાર જેઠાલાલ શાહ**
ગામ : ખરોડ - હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૨૭૮૪૭૮
જન્મ તારીખ : ૨૫ ઓગષ્ટ

## સાધર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૭૫૦૦/-**



અ.સૌ.કાન્તાબેન શશીકાન્ત ગાંધીના (મોઢેરા-હાલઃ અમદાવાદ)

શ્રી શશીકાન્ત પોપટલાલ ગાંધી (મોઢેરા-અમદાવાદ) ના ધર્મચારિણી અ.સૌ. કાન્તાબેન શશીકાન્ત ગાંધી (સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩)ની તૃતીય પુણ્યતીથી નિમિત્તે સદ્‌ગતના આત્મશ્રેયાર્થે તેમની દિકરી અલકાબેન અને જમાઈ હિતેશભાઈ બકુભાઈ ગાંધી (સમોડા)એ સદ્‌ગતના સત્કાર્યોને યાદ કરીને આપણા અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા ચાલતી સાધર્મિક સહાય સ્કીમ ક્ષેત્રે રૂા.૭૫૦૦/-નું દાન આપી સાધર્મિક બંધુઓને સહયોગી થવાનો આંશિક લાભ લીધો છે. અત્તરનું એક પુમડું પણ સમગ્ર વાતાવરણને સુગંધીત કરે છે. તેમ શ્રીમતી કાન્તાબેન (મંગુબેન અને અંબાલાલ નહાલચંદના સુપુત્રી) પીયરમાંથી ધાર્મિક સંસ્કારોનો વારસો પ્રાપ્ત કરીને આવેલા અને દુધમાં સાકર ભળે તેમ સમગ્ર પરિવારમાં ભળી ગયા અને સૌનો પ્રેમ મેળવી સ્નેહ વર્ષાવતા રહ્યા, વળી તેમના જીવનસાથી શ્રી શશીકાન્તભાઈ તેમના દરેક સત્કાર્યોમાં સહયોગી થઈ પ્રેરકબળ પુરૂ પાડતા હતા... આજે તેઓ (બન્ને) હયાત નથી પરંતુ તેમના સત્કાર્યોની સુવાસ મહેંકતી રહે છે. જ્ઞાતિમંડળ તેમના સત્કાર્યોની અનુમોદના કરી આ દાન સ્વિકારી સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.સુશીલાબેન સૂર્યકાંતભાઈ શાહ (ઉનાવા)

સ્વ. શ્રી સૂર્યકાંત કેશવલાલ શાહ (ઉનાવા હાલ : અમદાવાદ) ના સુપુત્રી ચિ. સાધના બેન તેમના સદ્ગત માતુશ્રી શ્રીમતી સુશીલાબેનની જન્મ તારીખ ૧૨.૦૭.૧૯૪૧ નિમિત્તે અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં જ્ઞાતિના સાધર્મિક પરિવારોને ખાદ્ય સામગ્રીની જે કીટ આપવામાં આવે છે તેમાં રૂા.૨૧૦૦૦/-નું માતબર દાન આપેલ છે શ્રી સૂર્યકાંતભાઈ કેટલાક વર્ષોથી નિયમિત અવારનવાર સાધર્મિક ક્ષેત્રે દાન આપતા હતા. મોરના ઈંડાને ચીતરવા ના પડે તે ન્યાયે આ સંસ્કાર સાધનાબેનને વારસામાં મળેલા છે સાધર્મિકો પ્રત્યેની તેમની આ શુભભાવના બિરદાવવા યોગ્ય છે અમદાવાદ જ્ઞાતિ મંડળ સાધનાબેનની આ સમાજ સેવા બદલ આભાર માને છે અને તેમને ધન્યવાદ પાઠવે છે

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

**રૂા.૭૫૦૦/-**



સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ (બોકરવાડા) અમદાવાદ

સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ કોલસાવાળા (બોકરવાડા) અમદાવાદની પંદરમી પુણ્યતિથિ નિમિત્તે તેમના આત્મશ્રેયાર્થે સરલાબેન હસમુખલાલ શાહ પરિવાર હસ્તે નિલેશભાઈ, અમિતભાઈ તરફથી સાધર્મિક સહાય સ્કીમ દ્વારા અપાતા અનાજ-કરિયાણું વિગેરે ખાદ્ય સામગ્રી સાથે રોકડ રકમ આપવા માટે રૂા.૭૫૦૦/- મળ્યા છે. સદ્‌ગતે આપણા મંડળમાં ઘણી જ સેવાઓ આપેલ છે. દર્દીઓ અને સાધર્મિક ક્ષેત્રે હરહંમેશ જાગૃત રહી અને સહાયરૂપ રહેવા ઉપરાંત અનેકને પ્રેરણા કરી દર્દીઓને અને સાધર્મિકો પ્રત્યે વિશિષ્ટ લાગણી દર્શાવતા હતા. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ આપે અને પરિવારજનોને આવા સત્કાર્યો કરવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના.

## બદલાયેલા સરનામા

**મુંબઈ**

**દેવેન્દ્રભાઈ અશ્વિનભાઈ શાહ..........................(મણુંદ)**
૭૦૧-૭૦૨, કનક હાઈટસ્, ગીતા ભવન, હાજી બાપુ રોડ, દેવચંદનગર દેરાસરની સામે, મલાડ, (ઈ) મુંબઈ-૪૦૦૦૯૭
મો.: ૯૮૨૧૫ ૯૮૧૦૮

**સુરત**

**વિશાલ હસમુખલાલ શાહ..........................(ભાલક)**
B 1202,સીમંધર એવન્યુ, પ્રથમ સર્કલ, પાલ, સુરત-૩૯૫૦૦૯.
મો.૯૮૨૫૨ ૯૦૮૦૦



**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે.**



**સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**

## અવસાન-શ્રદ્ધાંજલિ



**કંચનબેન રસિકલાલ શાહ**
ગામ : વડાવલી
હાલ : વિલેપાર્લે, મુંબઈ
સ્વ. તા. ૧૯-૦૭-૨૬, રવિવાર



**અરુણાબેન જયકુમાર શાહ**
ગામ : મણુંદ
હાલ : બોરીવલી, મુંબઈ
સ્વ. તા. ૨૧-૦૭-૨૦૨૬, મંગળવાર



**હસમુખલાલ રતિલાલ શાહ**
ગામ : રણુંજ
હાલ : નિકોલ, અમદાવાદ
સ્વ. તા. ૨૭-૦૭-૨૦૨૬, સોમવાર



**સુશીલાબેન મહેન્દ્રભાઈ શાહ**
ગામ : તરભ
હાલ : સુરત
સ્વ. તા. ૨૮-૦૭-૨૦૨૬, મંગળવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

॥ શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ને નમઃ ॥ ॥ શ્રી ખમલાઇ માતાને નમઃ ॥

# નવદંપતિને આશીર્વાદ સહ શુભેચ્છા



ચિ. **કાજોલ** ના શુભ લગ્ન ચિ. **અભિષેકકુમાર** સાથે
તા.૨૪.૬.૨૦૨૬ જેઠ સુદ દસમ બુધવાર ના રોજ ટેક્સાસ અમેરિકા ખાતે
સંપન્ન થયેલ છે.

## ચિ. કાજોલ અને ચિ. અભિષેકકુમાર

આપ બંનેનું નવું જીવન ખુશીઓ, પ્રેમ અને સમૃદ્ધિથી ભરપૂર રહે.
ભગવાન આપને બંનેને હંમેશાં ખુશ રાખે.
એ જ અમારા આશીર્વાદ સહ શુભેચ્છા



**શુભેચ્છક**
શ્રી શાહ તનેશ ઊત્તમચંદ (મણુંદ - પૂના)
અ.સૌ. કુંદાબેન તનેશભાઈ શાહ
શ્રી શાહ અક્ષયભાઈ તનેશભાઈ
અ.સૌ. સોનાલીબેન અક્ષયભાઈ શાહ
કુ. રાહીબેન અક્ષયભાઈ શાહ



અ.સૌ.મીનાબેન ભરેશભાઈ શાહ
શ્રી ભરેશભાઈ કાંતિલાલ શાહ (મોરબી - ગોરેગામ)

**શ્રી તનેશ ઊત્તમચંદ શાહ**
B 28, સીલ્વર ક્લાસિક કોન્ડોમિનિયમ,
SRPF રોડ, જગતાપ ચોક, વાનવાડી. પૂના - 411040
(M) 9822191054 - તનેશભાઈ
(M) 9970375475 - કુંદાબેન

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.





# પરિવાર પત્રિકા

## અગત્યની માહિતી

છેલ્લા ૨૩ વર્ષથી આપ સૌપરિવાર પત્રિકા માસિકના માધ્યમથી દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિજનો અને સમગ્ર સમાજની સાથે આત્મિય સંબંધોથી સંકળાયેલા છો.

**હવે પરિવાર પત્રિકા આપના માટે... આપના સ્વજનો માટે... જ્ઞાતિ મંડળના સૌ પરિવારો માટે**

ખૂબ જ લાભદાયી પ્રેરણાદાયી અને
સેવાકીય લાભથી
પરસ્પર સંબંધો વિકસે છે. આત્મીયતા વધે છે.

**અભૂત પૂર્વ ઓફર**

ફક્ત રૂા.૬૦૦/- માં આપ આપના વ્યવસાયની, કાર્યક્ષેત્રની માહિતી ૬ સે.મી. (ઉંચાઈ) X ૯ સે.મી. (પહોળાઈ) માં પ્રકાશિત કરી શકાશે. દેશ-વિદેશમાં વસતા સભ્યો અને તેમના પરિવારોને આપી તેનાથી વાકેફ કરી શકો છો. તે અંગેની જરૂરિયાતો માટે, તેઓ આપનો સંપર્ક સાધી પોતાનું કાર્ય આસાન કરી શકે છે.

આ માત્ર ધંધાદારી લાભ લેવા માટે નથી. એક બીજાની જરૂરીયાતો પૂરી કરવા માટેનો અભિગમ છે.

**જ્યોત સે જ્યોત મિલાતે ચલો... પ્રેમ કી ગંગા બહાતે ચલો**

નાના-મોટા... સારા-નરસા પ્રસંગો માટે
અમદાવાદ જ્ઞાતિ મંડળનો વાસણા ખાતેનો
**સાંસ્કૃતિક ભવન (A.C.) હોલ**
સમગ્ર જ્ઞાતિના દરેક સભ્યો માટે કન્સેશન દરે ઉપલબ્ધ છે.

માહિતી બુકિંગ માટે 24 X 7 સંપર્ક આવકાર્ય છે.
મંડળ હેલ્પલાઇન નં. : ૭૦૪૬૬૦૨૩૭૫
વધુ ને વધુ લોકો ઉપરોક્ત સેવાનો લાભ લેશો

સંપાદક : બકુભાઈ સી. ગાંધી-પરિવાર કમિટી



પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset , Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI